# ચાર વિદેશી શૈક્ષણિક સંસ્થાઓ તથા

# અમેરિકાના વિદેશ વિભાગ અને બે મંદિરો સાથે યુનિ.ના એમઓયુ

વડોદરા,બુધવાર

એમ.એસ.યુનિવર્સિટીની ઓફિસ ઓફ ઈન્ટરનેશનલ અફેર્સ દ્વારા વિવિધ દેશોની ચાર યુનિવર્સિટીઓ સાથે એમઓયુ કરવામાં આવ્યા છે.સાથે સાથે અમેરિકાના વિદેશ વિભાગની નવી દિલ્હી સ્થિત ઓફિસ ઓફ ફોરેન મિશન સાથે પણ યુનિવર્સિટીએ મહત્વાકાંક્ષી એમઓયુ કર્યુ છે.

## વિવિધ ક્ષેત્રોમાં જોઈન્ટ રિસર્ચ, શિક્ષણ તેમજ સ્ટુડન્ટ-ટીચર એક્સ્ચેન્જ પ્રોગ્રામ શરૂ કરાશે

આ એમઓયુના ભાગરુપે સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને મેથેમેટિક્સના વિદ્યાર્થીઓને ફુલબ્રાઈટ ફેલોશિપ તેમજ ક્વાડ ફેલોશિપ એનાયત કરાશે. આ સિવાય કોરિયાની ચુંગનમ નેશનલ યુનિવર્સિટી સાથે કરાયેલા એમઓયુના ભાગરુપે એન્જિનિયરિંગ, સોશિયલ સાયન્સ, લાઈફ સાયન્સ, મેડિસિન અને ફાર્મસી જેવી બ્રાન્ચમાં મોબાઈલ પ્રોગ્રામ શરુ કરવામાં આવશે. જ્યારે સ્કલ્પ્ચર, એપ્લાઈડ આર્ટસ અને પેઈન્ટિંગ માટે યુનિ.ની ફાઈન આર્ટસ અને ફ્રાન્સની બિયુક્સ આર્ટસ ડિ માર્સેઈલ્સ સાથે એમઓયુ કરાયુ છે.જર્મનીની ઓસના બ્રુક યુનિવર્સિટી સાથે યુનિવર્સિટીની હોમસાયન્સ ફેકલ્ટીના એમઓયુના ભાગરુપે બંને યુનિવર્સિટી દ્વારા જોઈન્ટ રિસર્ચ અને શિક્ષણ શરુ કરવામાં આવશે.

અમેરિકાના સિધ્ધિ વિનાયક મંદિર તેમજ કુબેર ભંડારી મંદિર સાથે યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટસ દ્વારા વોકલ મ્યુઝિક, ભરતનાટ્યમ અને કથકમાં સ્ટુડન્ટ તેમજ અધ્યાપકોનો એક્સચેન્જ પ્રોગ્રામ અમલમાં મુકાશે. જ્યારે યુકેના મેડિકલ એજ્યુકેશન કન્સલટન્ટની સંસ્થા સાથે ફેકલ્ટી ઓફ મેડિસિનનુ એમઓયુ કરવામાં આવ્યુ છે.